## હળવદના મહે.પ્રિન્સી. સીની. સીવીલ જજ સાહેબની કોર્ટમાં.
## દિવાની કેસ નં. ૧૧૬ /૨૦૨૨

ગુજ. વાલજીભાઈ મહાદેવભાઈ કોળીના
વારસદારો તરીકે :— નિશાની-૫

(૧) ગૌરીબેન વાલજીભાઈ કોળી,
ઉ.વ.આ.૬૫, ધંધો:—ઘરકામ

(૨) મનસુખભાઈ વાલજીભાઈ કોળી,
ઉ.વ.આ.૪૫, ધંધો:—ખેતીવાડી

(૩) મુકેશભાઈ વાલજીભાઈ કોળી,
ઉ.વ.આ.૪૦, ધંધો:—ખેતીવાડી

(૪) ગીતાબેન વાલજીભાઈ કોળી,
ઉ.વ.આ.૪૭, ધંધો:—ઘરકામ

(૫) મંજુલાબેન વાલજીભાઈ કોળી,
ઉ.વ.આ.૪૩, ધંધો:—ઘરકામ.

(૬) વિલાસબેન વાલજીભાઈ કોળી,
ઉ.વ.આ.૩૬, ધંધો:—ઘરકામ

બધા રહે.રાણકપર, તા.હળવદ..........................વાદીઓ

વિરૂધ્ધ

(૧) પ્રવિણભાઈ ધનજીભાઈ પટેલ,
ઉ.વ.આ.૫૧, ધંધો:—ખેતીવાડી,
રહે.સુરવદર, તા.હળવદ

(૨) રમેશભાઈ અમરશીભાઈ પટેલ,
ઉ.વ.આ.૫૨, ધંધો:—ખેતીવાડી,
ઠે:—વસંતપાર્ક, રહે.હળવદ........................પ્રતિવાદીઓ.

બાબત :— સી.પી.સી.ઓ.૩૯ રૂલ ૧—૨ તથા કલમ—૧૫૧ મુજબ હંગામી મનાઈ હુકમ મળવા અંગેની અરજી.

અમો આ કામના વાદીઓની માનસર અરજ કે, અમારી આ અરજીની હકીકત ટુંકમાં નીચે મુજબ છે.

(૧) અમો વાદીઓ ઉપર જણાવેલ સરનામે રહીએ છીએ. અને ખેતીવાડીનો ધંધો કરીએ છીએ. અને પ્રતિવાદીઓ પણ ઉપર જણાવેલ સરનામે રહે છે અને ખેતીવાડીનો ધંધો કરે છે.

(૨) અમો વાદી નં.૧ ના પતિ તથા વાદી નં.૨ થી ૬ ના વડવાની વડીલોપાર્જીત ખેતીવાડીની જમીન હળવદ તાલુકાના રાણકપર ગામમાં આવેલ છે.

(૩) અને તેઓનું એટલે કે અમો વાદી નં.૧ ના પતિ વાલજી મહાદેવ અને વાદી નં.૧ ના જેઠ ગણેશ મહાદેવ વચ્ચે જે વડીલોપાર્જીત ખેતીવાડીની જમીન રાણકપરમાં આવેલ હતી તેની તા.૧૫–૪–૮૯ ના રોજ ભયુ ભાગની વહેંચણ થયેલ. અને જેની રેવન્યુ રેકર્ડમાં નોંધ નં.૯૦૯ પડેલ છે. જેની ખરી નકલ આ સાથે રજુ છે.

(૪) ત્યારબાદ અમો વાદી નં.૧ ના પતિ અને વાદી નં.૨ થી ૬ ના પિતાનું તા.૨૯–૯–૨૦૧૦ ના રોજ અવસાન થતા તેની વારસાઈ નોંધ નં.૨૩૧૪ તા.૩૦–૬–૨૦૧૧ ના રોજ પાડવામાં આવેલ છે અને આ નોંધ પ્રમાણીત થયેલ છે.

(૫) તેમજ આ કામના પ્રતિવાદી નં.૧ નાએ ખોટો, બોગસ અને બનાવટી દસ્તાવેજ નં.૮૯૮ તા.૨૮–૭–૧૯૮૭ નો એટલે કે ૨૦ વર્ષ પછી આ જમીન અમારા મર્હુમ પિતાએ પ્રતિવાદી નં.૧ ને સર્વે નં.૩૪ વાળી જમીન તા.૨૮–૭–૧૯૮૭ ના રોજ ખોટી વેચાણ નોંધ નં.૨૦૬૪ પડાવેલ હતી. અને જે નોંધ સામે અમોએ વાંધો લેતા મામ.શ્રી હળવદ સમક્ષ અમોએ 8

વાંધો લેતા તકરારી કેસ નં.૨૮/૦૮–૦૯ થી મામ.શ્રીએ સદરહુ નોંધ પ્રતિવાદી નં.૧ ની તા.૨૦–૭–૨૦૦૯ ના રોજ રદ કરેલ. જે ઠરાવની ઝેરોક્ષ નકલ આ સાથે રજુ છે.

(૬) ઉપરોક્ત મામ.શ્રી હળવદના ઠરાવને આધારે આ કામના પ્રતિવાદી નં.૧ નાએ મોરબીના મહે. નાયબ કલે. સાહેબ સમક્ષ આર.આર.ટી.અપીલ નં.૧૦૦/૧૮ નોંધ નં.૨૦૬૪ અને નોંધ નં.૨૩૧૪ સામે દાખલ કરેલ હતી. અને જેમાં નાયબ કલે.શ્રી મોરબીએ સદરહુ પ્રતિવાદી નં.૧ ની અપીલ અંશતઃ મંજુર કરેલ અને નવેસરથી કામ ગુણદોષ ઉપર સાંભળીને મામ.શ્રીને તા.૩૦–૮–૧૯ ના રોજ રીમાન્ડ કરવાનો હુકમ કરેલ છે.

(૭) હળવદ તાલુકાના રાણકપર ગામની સીમમાં આવેલ સીમ જમીન સ.નં.૩૪ કે અમો વાદીઓની વડીલોપાર્જીત મિલ્કત છે અને જે માપે હે.૧–૨૪–૦૪ ચો.મી. કે જે એ.૩ ગુ.૦૩ નું છે અને જે ખેતરની ચતુઃદિશા નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| ઉત્તરે | :– | કોળી પાર્વતીબેન વજાભાઈ તથા ચતુર પોપટની જમીન આવેલ છે. |
| દક્ષિણે | :– | ચકુબેન જેરામભાઈ કોળીની જમીન આવેલ છે. |
| પુર્વે | :– | ઘોઘાનો મારગ આવેલ છે. |
| પશ્ચિમે | :– | ચકુબેન જેરામભાઈ કોળીની જમીન આવેલ છે. |

(૮) ઉપરોક્ત જમીન અમારી વડીલોપાર્જીત જમીન છે અને આ જમીનમાં જે તે વખતે બેંકોનું અને મંડળીનું ધીરાણ ચાલુ હતુ

તેમછતાં પ્રતિવાદી નં.૧ નાએ ખોટા માપ, ખોટી ચતુઃદિશા અને ખોટા સર્વે નંબરો ઉભા કરીને આ જમીનનો તા.૨૮–૭–૮૭ નો ખોટો દસ્તાવેજ નં.૮૯૮ ઉભો કરેલ છે. કારણ કે અમો વાદીઓએ કે વાદી નં.૧ ના મર્હુમ પતિ કે વાદી નં.૨ થી ૬ ના મર્હુમ પિતાએ આ કામના પ્રતિવાદી નં.૧ ને રૂા.3000/– માં કે કોઈપણ અવેજની કિંમત લીધા વિના આવો કોઈ દસ્તાવેજ પ્રતિવાદી નં.૧ ને કરી આપેલ નથી. કારણ કે સદરહુ દસ્તાવેજમાં જણાવેલ માપ, ચતુઃદિશા ખોટા છે. અને પ્રતિવાદી નં.૧ નાએ પ્રતિવાદી નં.૨ ને જે રજી. દસ્તાવેજ નં.૩૮૦/૨૨ કરી આપેલ છે અને જેની વેચાણ નોંધ નં.૩૧૪૪ તા.૨૮–૧–૨૨ ના રોજ પાડવામાં આવેલ છે તે પણ ખોટી પાડેલ છે. કારણ કે તે નોંધ પાડતા પહેલા રેવન્યુ ઓથોરીટીએ અમોને બો.લે.રે.કો.ક.૧૩૫(ડી) ની કોઈ નોટીસ આપેલ નથી. અને આ જમીનની કાયદેસરની માલીકી અને કાયદેસરનો કબજો ભોગવટો અમારો છે અને આ જે દસ્તાવેજ નં.૩૮૦ પ્રતિવાદી નં.૧ નાએ પ્રતિવાદી નં.૨ ને કરી આપેલ છે તેમાં પણ ચતુઃદિશા અને માપ ખોટા દર્શાવેલ છે અને આ જમીન ઉપર કોટક બેંક મોરબી શાખાનું તારણ હોય મામ:શ્રી હળવદનાએ આ નોંધ પણ પ્રતિવાદી નં.૨ ની રદ કરેલ છે અંને જે હુકમની સામે આ કામના પ્રતિવાદી નં.૨ નાએ નાયબ કલે.શ્રી મોરબી સમક્ષ આર.આર.ટી. અપીલ નં.૩૪/૨૦૨૨ દાખલ કરેલ છે અને જે અપીલ હાલ મોરબી ડેપ્યુટી કલે.માં પેન્ડીગ છે અને તેની હવે પછીની મુદત તા.૧૧–૭–૨૨ ની મુકરર થયેલ છે.

(૯) આમ, ઉપરોક્ત જમીનના જે બંને દસ્તાવેજો પ્રતિવાદી નં.૧ નાએ અને પ્રતિવાદી નં.૧ નાએ ૨ ને કરેલ છે તે બંને દસ્તાવેજ ખોટા છે કારણ કે અમો વાદીઓએ પ્રતિવાદી નં.૨

ને કોઈ શાંત, ખાલી અને પ્રત્યક્ષ કબજો સોંપેલ નથી કે પ્રતિવાદી નં.૨ પાસેથી અમોએ કોઈ અવેજ પણ મેળવેલ નથી. તેમછતાં પ્રતિવાદી નં.૧ નાએ જે આર.આર.ટી. અપીલ નં.૧૦૦/૧૮ દાખલ કરેલ હતી તે ૧૦૦/૧૮ મુજબ ડેપ્યુટી કલેકટર જે રીમાન્ડનો હુકમ કરેલ હતો તેમાં સ્પષ્ટ કાયદા મુજબ જોગવાઈ છે કે સદરહુ અપીલના તમામ પક્ષકારોને નોટીસ કાઢી સાંભળીને ગુણદોષ ઉપર સદરહુ દાવાવાળી જમીનની રીમાન્ડ કેસમાં કાર્યવાહી કરીને મામ.શ્રી હળવદે નોંધ મંજુર કે નામંજુર કરવી જોઈએ. પરંતુ મામ.શ્રી હળવદે પ્રતિવાદી નં.૧ ના આર્થિક ખુબ જ સુખી અને રાજકીય લાગવગ વાળા હોય તેના કારણે કોઈપણ જાતની પ્રોસીજર એડોપ્ટ કર્યા વિના પ્રતિવાદી નં.૧ ના ખાતે અમારી માલીકી અને કબજા ભોગવટાની જમીન અંગે નોંધ નં.૨૯૪૮ ખોટી પાડીને પ્રમાણીત કરેલ છે. જે કાયદા મુજબ થઈ શકે નહિં. અને જેની અમોએ તા.૨–૪–૨૦૨૨ ના રોજ ખરી નકલો કઢાવતા અમોને ખબર પડેલ કે આ કામના પ્રતિવાદી નં.૧ ની વિરુધ્ધમાં જે તકરારી કેસમાં તેઓની નોંધ નં.૨૦૬૪ મામ.શ્રી હળવદે રદ કરેલ હતી અને તેની સામે તેઓએ ડેપ્યુટી કલે.માં અપીલ કરેલ તે અપીલમાં નાયબ કલે. મોરબીએ આ કામ મામ.શ્રી હળવદને પક્ષકારોના સાંભળવા માટે રીમાન્ડ કરેલ હતું તેમછતાં પ્રતિવાદીનં.૧ નાએ રાજકીય લાગવગથી ખોટી રીતે આ અમારી માલીકી અને કબજા ભોગવટાની જમીન અંગે નોંધ નં.૨૯૪૮ ખોટી રીતે પ્રમાણીત કરાવેલ છે. અને આ તમામ ખરી નકલો માંગતા અમોને ખબર પડેલ કે આ કામના પ્રતિવાદી નં.૧ નાએ લાગવગથી ખોટી રીતે નોંધ નં.૨૯૪૮ પાડીને પ્રમાણીત કરાવેલ છે.

(૧૦) એટલું જ નહિં આ હકીકત પ્રતિવાદીઓ જાણતા હોવા છતાં

પ્રતિવાદીનં.૧ નાએ પ્રતિવાદી નં.૨ ને અમારી માલીકી અને કબજા ભોગવટાની જમીનનો તા.૨૮–૧–૨૨ ના રોજ કબજા અને અવેજ વિનાનો દસ્તાવેજ નં.૩૮૦ કરી આપેલ છે. અને તે ખોટા દસ્તાવેજના આધારે પણ આ કામના પ્રતિવાદી નં.૨ નાએ ખોટી વેચાણ નોંધ નં.૩૧૪૪ પડાવેલ હતી. અને જે નોંધ મામ.શ્રી હળવદે પ્રતિવાદી નં.૨ નાએ ખોટી નોંધ પડાવેલ હોય <u>તા.૧૪–૧૦–૧૯ ના રોજ તે નોંધ ૨૬ કરેલ છે. કારણ કે આ જમીનમાં અમો વાદીઓએ કોટક મહીન્દ્રા બેંક મોરબીમાંથી રૂા.૫૩૫૩૭૨/– નું બોજો લીધેલ હતો. અને તે બોજો આજે પણ ચાલુ છે. અન તેની બોજા નોંધ તા.૩૧–૮–૧૮ ની નં.૨૮૪૧ દાખલ કરેલ છે.</u>

(૧૧) જયારે દાવાવાળી જમીન ઉપર અમો વાદીએ અમારી વડીલો પાર્જીત જમીન હોય અને બેંકમાં તારણમાં મુકીને આ જમીનનો કબજો ભોગવટો અને માલીકી અમારા હોય અને આ નોંધ અંગે અમોએ તે બોજો લીધેલ છે તેવા સંજોગોમાં આ તમામ હકીકત પ્રતિવાદી નં.૧ ના જાણતા હોવા છતાં તેઓએ પ્રતિવાદી નં.૨ ને કબજા વિનાનો અને અવેજ વિનાનો ખોટો રજી. દસ્તાવેજ નં.૩૮૦ કરી આપેલ અને જેના આધારે તેઓએ મામ.શ્રી હળવદ સમક્ષ નોંધ નં.૩૧૪૪ તા.૨૮–૧–૨૨ ના રોજ દાખલ કરાવેલ હતી. અને એ રીતે બંને પ્રતિવાદીઓએ કોલ્યુઝનથી જેમ પ્રતિવાદી નં.૧ ની ખોટી નોંધ રીમાન્ડ કેસમાં પડાવેલ તે પ્રમાણે પ્રતિવાદી નં.૨ ની પણ ખોટી નોંધ પડાવવા માટેનો પ્રયત્ન કરેલ **પરંતુ આ જમીન ઉપર અમોએ ધીરાણ લીધેલ હોય અને આ જમીનની માલીકી અને કબજો અમારો હોય અને આ જમીનમાં વાદીઓ અને પ્રતિવાદી નં.૧**

વચ્ચે ૨૦ ગુંઠાની તકરાર હોય અને આ જમીન અમોએ બેંકમાં તારણમાં મુકેલ હોય તેવા સંજોગોમાં આ જમીનની કાયદા મુજબ નોંધ રેવન્યુ ઓથોરીટી પાડી શકે નહિં કે પ્રમાણીત પણ કરી શકે નહિં.

(૧૨) એટલું જ નહિં આ કામના પ્રતિવાદી નં.૧ અને ૨ નાએ ખોટી નોંધો ૨૯૪૮ અને ૩૧૪૪ જે ખોટી રીતે પડાવેલ છે અને જે પૈકી નોંધ નં.૨૯૪૮ મામ.શ્રીએ કાયદાથી વિરૂધ્ધ જઈને મંજુર કરેલ છે જયારે ૩૧૪૪ મામ.શ્રી હળવદે નામંજુર કરેલ છે. તેવા સંજોગોમાં કાયદાના સિધ્ધાંતથી વિરૂધ્ધ આ બે માંથી કોઈપણ નોંધ પ્રમાણીત કરી શકાય નહિં. અને જેથી સદરહુ બંને નોંધ રદ થવાને પાત્ર છે.

(૧૩) દાવા અરજી પારા–૭ માં માપ, વર્ણન અને ચતુઃદિશા વાળ ી કાયદેસરની માલીકી અને કાયદેસરનો કબજો ભોગવટો અમારો છે અને તેવા સંજોગોમાં આ જમીન અંગે પ્રતિવાદી નં.૧ નાએ જે ખોટા દસ્તાવેજના આધારે ૨૦ વર્ષ પછી જે ખોટી નોંધ રીમાન્ડ કેસમાં પડાવેલ છે તેમાં વાદીઓને સાંભળ્યા વિના લાગવગથી પડાવેલ છે. અને તેના આધારે તેઓએ પ્રતિવાદી નં.૨ ને ખોટો દસ્તાવેજ કબજા અને અવેજ વિનાનો કરી આપેલ છે અને તે અંગે નોંધ નં.૩૧૪૪ પ્રતિવાદી નં.૨ નાએ જે પડાવેલ છે તે મામ.શ્રી હળવદે રદ કરેલ છે અને જેની અપીલ હાલ નાયબ કલે. મોરબી સમક્ષ પેન્ડીગ છે તેવા સંજોગોમાં ખોટી નોંધોના આધારે રેવન્યુ રેકર્ડમાં આ કામના પ્રતિવાદીઓ લાગવગથી ફેરફાર કરે અને અમારા કબજા ભોગવટામાં ખોટી ડખલગીરી કરે તેમ હોય અમો વાદીઓએ આ જમીનનો તા.૧–૭–૨૨ ના રોજ બંને રજી. દસ્તાવેજની ખરી નકલો માંગેલ છે. અને જે નકલો મળતા અમો વાદી હાલની આ અરજી દાખલ કરીએ છીએ.

(૧૪) દાવાવાળી જમીન અંગે આ કામના પ્રતિવાદીઓને કાંઈ લેવા દેવા નથી. તેમછતાં ખોટા માપ, ખોટી ચતુઃદિશા અને અવેજ વિનાના ખોટેખોટા દસ્તાવેજો ઉભા કરીને અમારી માલીકી અને કબજા ભોગવટાની જમીનમાં ડખલગીરી કરે તેમ હોય નાછુટકે અમો વાદીઓંને હાલનો આ દાવો દાખલ કરવાની ફરજ પડેલ છે.

(૧૫) આ જમીન ઉપર પ્રથમથી જ અમો બેંકનું અને સહકારી મંડળીનું ધીરાણ લઈને અમારી તમામ જમીનો તારણમાં મુકેલ હોય તેવા સંજોગોમાં અમો વાદી નં.૧ ના પતિ અને વાદી નં.૨ થી ૬ ના પિતાએ અમારી વડીલોપાર્જીત જમીનનો પ્રતિવાદી નં.૧ ને કાયદા મુજબ કોઈ દસ્તાવેજ કરી આપવાનો કોઈ પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. એટલું જ નહિં પ્રતિવાદી નં.૨ નાએ પણ આ જમીન ઉપર મહીન્દ્રા કોટક બેંક મોરબીમાં તારણમાં હોવા છતાં ઈરાદાપુર્વક ખોટો કબજા વિનાનો અને અવેજ વિનાનો દસ્તાવેજ કરાવેલ હોય મામ.શ્રી હળવદે તેઓની નોંધ નં.૩૧૪૪ રેકર્ડ જોઈને આ જમીન તારણમાં હોય રદ કરેલ છે જયારે પ્રતિવાદી નં.૧ ની નોંધ નં.૨૯૪૮ મામ.શ્રી હળવદે કોઈપણ રેકર્ડ વેરીફાઈ કર્યા વિના કે અમોને બો.લે.રે.કો.ક.૧૩૫(ડી) નીચે નોટીસ આપ્યા વિના ખોટી રીતે પ્રમાણીત કરેલ છે.

(૧૬) આમ અમો વાદીઓનો પ્રાયમાફેસી કેસ છે. તેમજ બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ વાદીઓની તરફેંણમાં છે. અમો વાદીઓની માંગણી મુજબ એક તરફી હંગામી મનાઈ હુકમ આપવામાં આવે તો પ્રતિવાદીઓને કોઈ નુકશાન જાય તેમ નથી. કારણ કે બંને પ્રતિવાદીઓએ જે દસ્તાવેજ રજુ કરેલ છે તે અવેજ વિનાના, કબજા વિનાના અને ખોટા માપ અને

ખોટી ચતુ:દિશાવાળા છે. જો અમારી માંગણી મુજબ કામચલાઉ મનાઈ હુકમ ન આપવામાં આવે તો આ કામના પ્રતિવાદીઓ આર્થિક રીતે ખુબ જ સધ્ધર તેમજ રાજકીય લાગવગવાળા હોય કાયદો હાથમાં લઈને ગમે ત્યારે અમારા પ્રત્યક્ષ કબજા ભોગવટામાં ડખલગીરી કરે તેમ છે તેમજ ખોટી રેવન્યુ રેકર્ડની નોંધોના આધારે આ અમારી માલીકી અને કબજા ભોગવટાની જમીન અન્ય કોઈને વેચાણ, ગીરો, બક્ષીસ કે અન્ય રીતે ટ્રાન્સફર કરે કે આ જમીન ઉપર ખોટુ સરકારી કે અર્ધસરકારી દેવુ ઉભુ કરે તો તેનું વળતર અમોને નાણામાં મળીશકે તેમ નથી. અને ભવિષ્યમાં મલ્ટીપ્લાય ઓફ લીટીગેશનો ઉભા થાય તેમ છે અને એ રીતે ઈરરીપેરેબલ ઈન્જરી અમોને થાય તેમ છે. અને એ રીતે બેલેન્સ ઓફ કન્વીનીયન્સ અમારી તરફેંણમાં હોય મહત્વના ત્રણેય પાસા અમો વાદીઓની તરફેંણમાં છે.

(૧૭) સબબ આ અરજી લાવી અમો વાદીઓ દાદ માંગીએ છીએ કે,

(૧) આ કામના પ્રતિવાદીઓ જાતે કે તેઓના નોકર, એજન્ટ, દાડીયા કે મુખત્યાર મારફત દાવા અરજી પારા–૭ માં જણાવેલ માપ, વર્ણન અને ચતુ:દિશાવાળી અમારી જમીનના પ્રત્યક્ષ કબજા ભોગવટામાં આ કામના કોઈ પ્રતિવાદીઓ કોઈપણ પ્રકારની ડખલગીરી કરે નહિં કે કરાવે નહિં તેવો અમો વાદીઓની લાભમાં અને પ્રતિવાદીઓની વિરૂધ્ધમાં દાવાનો આખરી નિકાલ ન આવે ત્યાં સુધી હંગામી મનાઈ હુકમ આપવા અરજ છે.

(૨) તેમજ આ કામના પ્રતિવાદીઓ રેવન્યુ રેકર્ડના આધારે આ જમીન કોઈને વેચાણ, ગીરો, બક્ષીસ કે અન્ય

રીતે ટ્રાન્સફર કરે નહિં કે કરાવે નહિં કે આ જમીન ઉપર કોઈપણ પ્રકારનું સરકારી કે ખાનગી દેવુ કરે નહિં કે કરાવે નહિં તેવો અમો વાદીઓના લાભમાં અને પ્રતિવાદીઓની વિરૂધ્ધમાં હંગામી મનાઈ હુકમ ફરમાવવા અરજ છે.

(૩) આ અરજીનું તમામ ખર્ચ પ્રતિવાદીઓ પાસેથી અપાવવા અરજ છે.

(૪) તેમજ ન્યાયના હીતમાં યોગ્ય લાગે તેવો હરકોઈ હુકમ ફરમાવવા અરજ છે.

એજ અરજ.

સ્થળ :– હળવદ

તા.૭–૭–૨૦૨૨

ડ્રાફટેડ બાય :–

V. H. Bhatt

(વી.એચ.ભટ્ટ)

એડવોકેટ, ધ્રાંગધ્રા

RHT ગૌરીબેન વાલજીભાઈ કોળી રૂ.દ.

મનસુખ વાલજી

મુકેશ વાલજી

RHT ગંગાબેન વાલજીભાઈ કોળી રૂ.દ.

RHT મંજુલાબેન વાલજીભાઈ કોળી રૂ.દ.

વિલાસ વાલજી

## સોગંદનામું

અમો આ કામના વાદી નં.૨ મનસુખભાઈ વાલજીભાઈ કોળી, ઉ.વ.આ.૪૫, ધંધો:-ખેતીવાડી, ધર્મ:-હીન્દુ, રહે.રાણકપર, તા.હળવદ વાળા આથી અમો અમારા ધર્મ તથા સત્ય પ્રતિજ્ઞા ઉપર જાહેર કરીએ છીએ કે ઉપર જણાવેલ તમામ હકીકત અમારા જાણવા તથા માનવા મુજબ ખરી છે.

સ્થળ :- હળવદ

તા.૭-૭-૨૦૨૨

મનસુખ વાલજી

ઓળખ આપનાર :-

V. H. Bhatt

એડવોકેટ.

Solemnly affirmed before me by shri Mansukh Valjibhai whose of Ranakpar identified by shri V.H. Bhatt, Adv whom I know personally

7/7/22

રજીસ્ટ્રાર
પ્રિન્સિપાલ સિનિયર સિવિલ કોર્ટ,
હળવદ

This application may be heared along with suit
V.H Bhatt
Plt. Ad.
26/2/26

As per the endorsement made by the ld. Adv. for the plaintiff this application stands disposed off
26/02/26

R.C.S. 116/2022

ORDER BELOW EXH. 5

Read the application, heard the Ld. advocate of the Plaintiff this application has been given by the plaintiff for injuction against the defendant, but as per the guidline given by the Hon'ble Apex Court,ex-parte ad-interim injunction can be granted but present case does not fall in such category. Hence issue urgent show cause notice to the defendants on payment of Process Fees. retrunable on Dt 29/7/22

Date :- 7/7/2022.
Place :- Halvad.

Additional Civil Judge
Halvad.